।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

જન્મભૂમિ

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન

Mumbai

15 May, 2019

# નોટબુકોનો સતત ઘટી રહેલો વપરાશ

## કૉમ્પ્યુટર અને ફાઇલ પેપરનો વપરાશ વધવાનું પરિણામ

**દેવચંદ છેડા તરફથી**

મુંબઈ, તા. ૧૪ : પેપરના ભાવો ગયા વર્ષના મુકાબલે દસેક ટકા ઊંચા હોવા છતાંય એક્સરસાઇઝ નોટબુકોના ભાવો વધી શક્યા નથી. આનું કારણ નોટબુકોનાં વેચાણમાં વધેલી હરીફાઈ અને નોટબુકોનો સતત ઘટતો વપરાશ છે. સરકારી રૂલ્સ-રેગ્યુલેશનો કડક થવાથી સ્કૂલોમાં નોટબુકોનું વેચાણ ઓછું થવા માંડ્યું છે. આથી રિટેલ દુકાનોમાં નોટબુકોનું વેચાણ સુધર્યું છે.

અગાઉ લોંગબુક ચાલતી હતી તે હવે ઓછી થવા માંડી છે. આ સામે એફોર સાઇઝનું ઉત્પાદન દસગણું વધી ગયું છે. એફોર થોડીક પહોળી અને સોફ્ટ બાઇન્ડિંગ કવરની હોય છે. આની સામે નાની હાર્ડ પૂઠાંની નોટબુકોનું ચલણ ઘટી ગયું છે. એફોર લોંગબુક ૧૬૦ પાનાંની બુકના નંગદીઠ બજારભાવ રૂા. ૩૨થી ૩૫ છે. જમ્બો સાઇઝ નોટબુક ૧૮૦ પાનાનાં ભાવ રૂા. ૨૨થી ૨૪ છે. ઇન્ટરનેશનલ સ્કૂલોમાં એફઆઈ સાઇઝ ચાલે છે અને એફઆઈ ૨૦૦ પાનાનાં ભાવ રૂા. ૩૦ છે. કટ સાઇઝ નોટબુકો હવે ચાલતી નથી, કારણ કે તેની કોસ્ટ ઘણી વધી ગઈ છે.



આ ઉપરાંત એનજીઓ, ધાર્મિક સંસ્થાઓ, મંડળો, સામાજિક સંસ્થાઓ, રાજકીય પક્ષો પોતાના પ્રચાર માટે સબસીડાઇઝ ભાવે નોટબુકો વેચે છે. શ્રીમદ રાજચંદ્ર મિશન-ધરમપુર વર્ષેદહાડે રૂા. ૮ કરોડની બુકો અને સ્ટેશનરી ૩૫થી ૫૦ ટકા ડિસ્કાઉન્ટમાં વેચે છે. આ ઉપરાંત પારસધામ સ્વામિનારાયણ સંપ્રદાય, દાદા ભગવાન-અકાલજ વગેરે પણ રાહતના દરે નોટબુકોનું વિતરણ કરે છે.

નોટબુકનો ધંધા સિઝનલ અને જોખમી હોવાથી તેમાં નાના નાના ઉત્પાદકો ઘટતાં જાય છે. હવે આઈટીસી ક્લાસમેટ, નવનીત, સુંદરમ્ જેવી લિસ્ટેડ કંપનીઓનું વર્ચસ્વ વધતું જાય છે. આ ઉપરાંત પેન-પેન્સિલના બે-ત્રણ મારવાડી ઉત્પાદકો હવે નોટબુકના ઉત્પાદનમાં આવી રહ્યા હોવાનું કહેવાય છે. શાળાનાં બાળકોના દફતરનું વજન ઘટાડવા સરકાર ઘણી સક્રિય છે. આથી પાકાં પૂઠાંને બદલે સોફ્ટ કવરની બુકો આવી ગઈ છે. આ ઉપરાંત અમુક સ્કૂલોમાં ફાઇલ પેપરનો વપરાશ વધારી દેવામાં આવ્યો છે. ઘણા ટેક્સ્ટબુક જોડે તેમાં પાછળ અમુક લાઇનવાળા પાના અપાય છે જે ટેક્સ્ટબુકની જોડે નોટબુકનું કામ પણ આપે છે.

કોમ્પ્યુટરનો વપરાશ વધવાથી અને જીએસટી આવ્યા બાદ ટેલી જેવા સોફ્ટવેરનો વપરાશ વધવાથી એકાઉન્ટ બુકોના વેચાણને મરણતોલ ફટકો પડ્યો છે. ડાયરીનું સેલ પણ ઘટી ગયું છે.

પ્રભાત નોટબુકના નિર્માતા મે. શાહ બુક મેન્યુફેક્ચરિંગ કંપનીના ભાગીદાર શૈલેશ નંદુએ જણાવ્યું હતું કે ટેક્સ્ટબુક પર અને વર્કબુક પર જીએસટી નથી. આની સામે નોટબુક પર ૧૨ ટકા જીએસટી છે. નોટબુક એ શૈક્ષણિક આઇટમ હોવાથી અને આમ વપરાશની આઇટમ હોવાથી તેના પર જીએસટી હોવો જ ન જોઈએ.